# જાહેરાતના નિયમો

૧. ઉમેદવારે શૈક્ષણિક લાયકાતની તમામ વિગતો ધ્યાને લઈને જ અરજી કરવાની રહેશે

૨. ગ્રામવિદ્યાપીઠો માટેની આચાર સંહિતાનો અભ્યાસ કરી તે પ્રમાણેની તૈયારી હોય તે જ અરજી કરે.

૩. દરેક સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલ શૈક્ષણિક લાયકાતના અર્થઘટન સંબંધે ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે સંબધિત વિભાગ/ ખાતાના કચેરીના વડાની સાથે પરામર્શ કરીને યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

૪. ઉમેદવારે કરેલ અરજીની કોઈપણ વિગતો ખોટી કે ક્ષતિયુક્ત માલૂમ પડશે તો ઉમેદવારી રદ કરવામાં આવશે.

૫. ઉમેદવાર સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. 13/08/2008 તેમજ તા.18/03/2016ના ઠરાવક્રમાંક : સીઆરઆર-10-2007-120320-ગ.પ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈએ. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા/ ડિગ્રી કે સર્ટિફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ - 10 અથવા ધોરણ 12ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ. આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટર બેઝિક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતા પહેલા અચૂક રજૂ કરવાનું રહેશે. અન્યથા આવા કિસ્સામાં ઉમેદવારની પસંદગી "રદ" કરી શકશે.

૬. મેરીટ યાદીને આધારે પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંકની પૂર્વમંજુરી ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી પાસેથી મેળવ્યા બાદ જ નિમણૂક હુકમ આપવામાં આવશે.

૭. નાણાવિભાગના તા.18/01/2017ના ઠરાવક્રમાંક ખરચ/2002/57/પાર્ટ - 2/ઝ.૧ ની જોગવાઇઓ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર આપવાનો રહેશે તથા વધારાના કોઈ જ પ્રકારના ભથ્થાં મળવાપાત્ર થશે નહીં.

૮. ઉમેદવારે અજમાયશી સમયગાળા દરમિયાન સા.વ.વિ. ના તા.૩૦/૦૯/૨૦૦૬ના ઠરાવક્રમાંક: પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક ની જોગવાઇઓ મુજબ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. આ એન.ઓ.સી મુજબની સંબંધિત જગ્યા સીધી ભરતીથી ભરવાની હોય શારીરિક યોગ્યતા, ચારિત્ર્ય સંબંધિત તપાસ, નાગરિકત્વ સંબંધિત શરતો, અજમાયશી સમયગાળા અંગેની શરત, નિયોક્તાની પૂર્વ સંમતિ, નિમણૂંક બાદ ખાતાકીય પરીક્ષા વગેરે સંબંધે સંસ્થા/યુનિવર્સિટી/ રાજ્ય સરકારમાં જોગવાઈ કરવામાં આવેલ ન હોય તો, ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય)



Scanned with CamScanner

નિયમો-૧૯૬૯ નાં ભાગ- ૩ અને ભાગ- ૪ માં દર્શાવ્યા મુજબ યથાયોગ્ય રીતે લાગુ કરવાના રહેશે.

૧૦. પાંચ વર્ષની માસિક ઉચ્ચક પગારની નોકરી પૂર્ણ થયે તેમની કામગીરીની સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજૂર થયેલ પગાર ધોરણમાં લઘુતમ પગારમાં નિમણૂંક આપવામાં આવશે. પરંતુ આવા ઉમેદવારે અગાઉ કરેલ પાંચ વર્ષની નોકરી સેવા વિષય કોઈપણ હેતુ અર્થે ધ્યાને લેવામાં આવશે નહીં તેમજ મંજૂર પગાર ધોરણવાળી નોકરી સાથે જોડવામાં આવશે નહીં.

૧૧ આ જગ્યા હેઠળ નિમણૂંક પામનારને નિયત પગારમાં સમાવ્યા તારીખથી સરકારશ્રીના નાણાવિભાગના તા.૧૮/03/૨૦૦૬ના ઠરાવક્રમાંક: નપન -૨003-જીઓઆઈ-૧૦-પી તથા તેને આનુષાંગિક ઠરાવોની જોગવાઈઓને આધીન નવ વર્ધિત પેન્શન યોજના લાગુ પાડવાની રહેશે.

૧૨. જો ગ્રામવિદ્યાપીઠ સંસ્થામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટે અથવા અન્ય કોઈ કારણસર ગ્રામવિદ્યાપીઠ બંધ થાય તો આ જગ્યા હેઠળ નિમણૂંક પામેલા કર્મચારીઓને છૂટા કરવામાં આવશે અને તેમણે ફાજલનું રક્ષણ મળી શકશે નહીં.

૧૩. આ જગ્યા હેઠળ નિમણૂંક પામનારને સમાન સંવર્ગના અધિકારી/ કર્મચારી જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે તે માટે કચેરીમાં ફરજપાલનનો જે સમય નિયત હોઇ તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઈવેટ પ્રેક્ટીસ કે અન્યત્ર પાર્ટ ટાઇમ નોકરી કરી શકશે નહીં જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરિયાતોને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

૧૪. આ જગ્યા હેઠળ નિમણૂંક પામનારને પાંચ વર્ષ દરમિયાન વાર્ષિક ધોરણે ૧૨ પરચુરણ રજા, જાહેર રજા અને ગ્રામવિદ્યાપીઠના વેકેશન સિવાયની અન્ય કોઈપણ પ્રકારની રજા મળવા પત્ર થશે નહીં. તે સિવાય અન્ય કોઈ રજા ભોગવશે તો રજાના પગારની કપાત કરવાની રહેશે. મહિલા કર્મચારીઓના રજાના નિયમો મુજબ પ્રસૂતિ રજાઓ મળવાપાત્ર થશે.

૧૫. આ જગ્યા પર નિમણૂંક પામનારે ગ્રામવિદ્યાપીઠ સંસ્થાના કેમ્પસ પર ફરજિયાત રહેવાનુ રહેશે. અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્યમથક છોડી શકાશે નહીં.

૧૬. આ જગ્યા પર નિમણૂંક પામનારે સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા તા.૨૧/૦૪/૧૯૯૪ના ઠરાવથી ગ્રામવિદ્યાપીઠોના કર્મચારી માટે નિયત થયેલ આચાર સંહિતાના તમામ નિયમોનું સંપૂર્ણપણે પાલન કરવાનું બંધન કરતાં રહેશે. જે અંગેનું ઉમેદવારનું સંમતિપત્ર ઉમેદવારે નિમણૂંક પહેલા સંસ્થાને આપવાનું રહેશે.

૧૭ નિમણૂંક પામેલ કર્મચારીની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત ના કિસ્સામાં સંચાલક મંડળ દ્વારા સંલગ્ન યુનિવર્સિટી/ રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર કાર્યવાહી જે તે કક્ષાએથી જરૂરી મંજૂરી/પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ જ કરી શકાશે તેમજ આ અંગેની તમામ કાર્યવાહીની જાણ આ કચેરીને અચૂક કરવાની રહેશે.



Scanned with CamScanner

૧૮. પાંચ વર્ષના સમયગાળાના ઉચ્ચક વેતનથી નિમણૂંક પામેલ કર્મચારીને સંસ્થાના મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઈ હક્ક પ્રાપ્ત થસે નહીં.

૧૯. સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરૂરી શરતો નક્કી થાય તો તે પણ બંધનકર્તા રહેશે.

૨૦. સરકારશ્રીની ભરતી માટે કોઈપણ વિભાગદ્વારા ગેરલાયક ઠરેલ ઉમેદવારો અરજી કરી શકશે નહીં.

૨૧. ભરતી પ્રકિયા અંગે રાજ્ય સરકાર જે નિયમો ઘડે તે બંધન કર્તા રહેશે.

૨૨. નિયત શૈક્ષણિક લાયકાત અને ફી સિવાયની અને સમય મર્યાદા પછી આવેલ અરજી ગ્રાહ્ય રહેશે નહીં.

૨૩. ઉપરોક્ત તમામ શરતો નિમણૂંક પામનાર કર્મચારીને સ્વીકાર્ય છે તે અંગેનું પ્રમાણપત્ર સંબધિત સંસ્થાને આપવાનું રહેશે.

## ❖ વયમર્યાદા અને લાયકાત

| ક્રમ | જગ્યાનુ નામ | વયમર્યાદા | લાયકાત |
|---|---|---|---|
| ૧ | અધ્યાપક - માનવવિદ્યા | ૩૭ વર્ષ (આ જગ્યા અનામત કેટેગરીની હોઈ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમનુસાર પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર) | એમ.એ ૫૫% ગુણ / એમ.એસ.સી ૫૫ % ગુણ (અર્થશાસ્ત્ર/ ઇતિહાસ/ સમાજ શાસ્ત્ર/ રાજનીતિ/ ગાંધીવિચાર/ હોમ સાયન્સ/ પર્યાવરણ શાસ્ત્ર. |
| ૨. | અધ્યાપક - બાગાયત | | એમ.એસ.સી (એગ્રી) ૫૫% ગુણ / એમ.આર.એસ ૫૫% ગુણ |
| ૩. | હિસાબનીશ | ૩૫ વર્ષ | એમ.બી.એ અથવા એમ.સી.એ અથવા એમ.કોમ અથવા એમ.એસ.સી (ગણિતશાસ્ત્ર/ આંકડાશાસ્ત્ર) અથવા એમ.એ.(આંકડાશાસ્ત્ર/અર્થશાસ્ત્ર/ગણિતશાસ્ત્ર) અથવા બી.બી.એ./બી.સી.એ/બી.કોમ/બી.એસ.સી.(ગણિતશાસ્ત્ર/આંકડાશાસ્ત્ર) બી.એ. (આંકડાશાસ્ત્ર/અર્થશાસ્ત્ર/ગણિતશાસ્ત્ર) ની બીજા વર્ગની પદવી અથવા સમકક્ષ શૈક્ષણિક લાયકાત તેમજ (૧) સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગર તા.૧૩/૦૮/૨૦૦૮ તથા તા.૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ-૫ મુજબ કોમ્પ્યુટર બેઝિક નોલેજનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ. વિકલ્પે (૨) કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવી લાયકાત સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાંથી મેળવેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા |



Scanned with CamScanner

| | | | |
|---|---|---|---|
| | | | જોઈએ. (૩) ધોરણ - 10 અથવા ધોરણ -12ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ. ટેલિ એકાઉન્ટિંગના જાણકારને પસંદગીમાં અગ્રતા. |
| ૪ | શ્રમ સંયોજક | ૩૫ વર્ષ | બી.આર.એસ પ્રથમ વર્ગ અથવા બી.એસ.સી (એગ્રી) પ્રથમ વર્ગ |
| ૫ | ગ્રંથપાલ | ૩૫ વર્ષ | સ્નાતક અને બી.લિબ. પ્રથમ વર્ગ, એમ.લિબ.ને પ્રથમ પસંદગી |
| ૬ | જુનિયર ક્લાર્ક | ૩૩ વર્ષ | ધોરણ -૧૨ (એચ.એસ.સી) પાસ તેમજ (૧) સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગર તા.૧૩/૦૮/૨૦૦૮ તથા તા.૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ-૫ મુજબ કોમ્પ્યુટર બેઝિક નોલેજનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ. વિકલ્પે (૨) કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવી લાયકાત સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાંથી મેળવેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ. (૩) ધોરણ - 10 અથવા ધોરણ 12ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ. |
| ૭ | સ્ટોકમેન | ૩૫ વર્ષ | બી.આર.એસ પ્રથમ વર્ગ અથવા સ્ટોકમેન પ્રમાણપત્ર સાથે બી.આર.એસ. |



Scanned with CamScanner

નોધ:

૧. ઉપર દર્શાવેલ તમામ સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલ શૈક્ષણિક લાયકાતના અગત્યના મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. પરંતુ આખરી પસંદગી સમયે ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ જોગવાઇઓને ધ્યાને લેવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ વિગતો ધ્યાને લઇને જ અરજીપત્રકમાં વિગતો ભરવાની રહેશે.

૨. દરેક સંવર્ગની ઉપલી વયમર્યાદા માટે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો- ૧૯૬૭ તેમજ જે તે સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ જોગવાઈ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૯/૨૦૧૨ અને તા. ૦૬/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૧૨૦૦૮/૨૮૨૩૨૩/ગ-૫ ની જોગવાઈઓ અને તે અન્વયે થયેલ સુધારાને ધ્યાને લેવામાં આવેલ છે.

૩. દરેક સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલ શૈક્ષણિક લાયકાતના અર્થઘટન સંબંધે ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે સંબંધિત વિભાગ/ ખાતાના વડાની કચેરીનો પરામર્શ કરીને યોગ્ય તે નિર્ણય લેવામાં આવશે.

૪. જાહેરાતમાં દર્શાવેલ તમામ સંવર્ગના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, નોન-ક્રીમીલેયર સર્ટી અને અન્ય જરૂરી લાયકાત માટે તા. ૧૯-૦૯-૨૦૨૪ ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે

૫. અનામત વર્ગના ઉમેદવારો બિન - અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન-અનામતના ધોરણો લાગુ પડશે.

૬. મૂળ ગુજરાતનાં અનુ.જાતિ, અનુ. જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવારો તરીકે લાભા મળશે.

## ❖ વયમર્યાદામાં છૂટછાટ:-

સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરુષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, શારિરીક વિકલાંગ ઉમેદવારો અને સરકારી સેવામાં અગાઉથી ફરજ બજાવાતા હોય તેવા કર્મચારી ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

| કેટેગરી | છૂટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારીને | ૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |



Scanned with CamScanner

| | | |
|---|---|---|
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) | ૧૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૧૦+૫=૧૫) | ૧૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારો (૫+૧૦=૧૫) | ૧૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારો (૫+૧૦+૫=૨૦) | ૨૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| માજી સૈનિક ઉમેદવારો | ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે. | |

અનામત વર્ગનો લાભ લેવા માટે: (શૈક્ષણીક / અધ્યાપકની જગ્યાઓ માટે)

૧. જે સંવર્ગની જગ્યાઓમાં S.E.B.C. કેટેગરી (શા.શે.પ.વર્ગ) ના ઉમેદવારી માટે અનામત છે તેવા S.E.B.C. કેટેગરી (શા.શે.પ.વર્ગ) ના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે તા. ૦૧-૦૪-૨૦૨૨ થી તા.૧૯-૦૯-૨૦૨૪ દરમ્યાન નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ (પરિશિષ્ઠ-૪ મુજબ ગુજરાતી નમૂનામાં) મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હો તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે. અન્યથા તેઓ જનરલ- સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને તે કિસ્સામાં વયમર્યાદા તેમજ અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.

૨. જે સંવર્ગની જગ્યાઓમાં E.W.S. કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ) ના ઉમેદવારો માટે અનામત છે તેવા E.W.S. કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ) ના ઉમેદવારોએ રાજય સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:ઇ.ડબલ્યુ.એસ /૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમુના (અંગ્રેજીમાં એનેક્ષર- KH અથવા ગુજરાતીમાં



Scanned with CamScanner

પરિશિષ્ટ-ગ) માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્રનો નંબર અને તારીખ અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે.

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:- ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઈસ્યુ (issue) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. ઉમેદવાર આર્થિક રીતે નબળા વર્ગ તરીકેનું પાત્રતા પ્રમાણપત્ર તા.૨૦-૦૯-૨૦૨૧ થી તા.૧૯-૦૯-૨૦૨૪ દરમ્યાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે. અન્યથા તેઓ જનરલ- સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી અંગે તેમજ અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.

EWS કેટેગરીના ઉમેદવાઓ વેબસાઇટ પર મુકેલ બાહેંધરી પત્રક ફરજિયાત અરજી સાથે આપવાનું રહેશે.

૩. અનામત વર્ગના એસ.ઈ.બી.સી. કેટેગરીના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઈશે.

૪. ઉમેદવાર, દિવ્યાંગતાની ૪૦% કે તેથી વધુ ટકાવારી ધરાવતાં હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતાં હશે, તો જ દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા લાભ મળશે. શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ.૨ અને ત્યારબાદ સરકારશ્રીના વખતો વખતના સુધારા પરિપત્રથી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

૫. માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને સ્થળની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતાં હોય તો સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૧/૨૦૧૮ ના જાહેરનામા ક્રમાંક: GS/2018-(2)-RES-1085/3433/G-2 ની જોગવાઈ મુજબ ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે. માજી સૈનિક તરીકેની ફરજ ચાલુ હોય તેવા ઉમેદવારો નિવૃત્તિનું એક વર્ષ બાકી હોય તો પણ તેઓ પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.

૬. માજી સૈનિક સિવાય તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.

૭. ઉમેદવારે અરજીપત્રકમાં વિગતો ભરતાં સમયે જાતિ (કેટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે તે જાતિ (કેટેગરી) માં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. તેથી, જો



Scanned with CamScanner

કોઈ ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ અરજી કરવાના નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યૂ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરશે નહીં તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહીં.

❖ **પરીક્ષા પધ્ધતિ** (અધ્યાપક (બાગાયત), અધ્યાપક(માનવ વિદ્યા), હિસાબનીશ, શ્રમસંયોજક, ગ્રંથપાલ, સ્ટોકમેન માટે)

રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક થી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ઠરાવેલ પરીક્ષા પધ્ધતિ અનુસાર પરીક્ષા એક તબક્કામાં MCQ-OMR / MCQ- Computer Based Response Test (CBRT) પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષા: Part-A અને Part-B એમ બે ભાગમાં લેવામાં આવશે (પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે)

**Part-A**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા Data Interpretation | 30 |
| ૨ | ગાણિતીક કસોટીઓ | 30 |
| | કુલ ગુણ | ૬૦ |

**Part-B**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | ભારતનું બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રીહેન્સન | 30 |
| ૨ | સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |
| | કુલ ગુણ | ૧૫૦ |

નોધ: અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

૧. Part-A માં કુલ ૬૦ પ્રશ્નો અને Part-B માં કુલ ૧૫૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે. Part-A અને Part-B બંને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર રહેશે.



Scanned with CamScanner

૨. Part-A અને Part-B નું સ્વતંત્ર (અલાયદું) Qualifying Standard રહેશે.

3. M.C.Q. પદ્ધતિમાં ખોટા જવાબ આપનાર અથવા પ્રશ્નનો જવાબ ન આપેલ હોય તો તેવા સંજોગોમાં ૦.૨૫ માર્ક ઓછા કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્કીંગ પદ્ધતિ અપનાવવામાં આવશે. "જવાબ આપવા માંગતા નથી• નો પાંચમો વિકલ્પ આપવામાં આવશે. જે ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરશે તે સંજોગોમાં નેગેટીવ માર્કીંગ ગણવામાં આવશે નહીં એટલે કે ૦.૨૫ માર્ક્સ કપાશે નહીં.

(ખ) જે તે સંવર્ગની જાહેરાત અન્વયે સંસ્થા ધ્વારા તે સંવર્ગની MCQ-OMR પધ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવી કે MCQ પધ્ધતિથી Computer Based Response Test (CBRT) લેવી તે નકકી કરવામાં આવશે.

(ગ) જે તે સંવર્ગની જાહેરાત અન્વયે સ્પર્ધાત્મક પરીક્ષાના Part-A અને Part-B બંને માટે Qualifying Standard ૪૦% રહેશે. તેમાં કોઈપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું Qualifying Standard કોઈપણ સંજોગોમાં નક્કી કરવામાં આવશે નહીં. પરીક્ષાના Part-A અને Part-B માં Qualifying Standard જાળવીને કુલ ગુણના આધારે કુલ જગ્યાના આશરે બે ગણા ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે મંડળ દ્વારા લાયક (કવોલીફાય) ગણવામાં આવશે.

- **<u>જુનિયર ક્લાર્ક માટેની પરીક્ષા પધ્ધતિ:-</u>**

સંસ્થા દ્વારા નિયત સમયમર્યાદામાં અરજીઓની પ્રાથમિક ચકાસણી ( એક કરતાં વધુ અરજી કરેલ છે કે કેમ ? અને પરીક્ષા ફી ભરેલ છે કે કેમ ?) કરીને લાયક ઉમેદવારોની રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના (૧) તા. ૧૮/૦૫/૨૦૨૩ ના જાહેરનામાં ક્રમાંક: GS/2023/15/015/K તેમજ (૨) તા.૨૮/૧૨/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંક:GS/2023/31/0125/K થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા પદ્ધતિના નિયમો અનુસાર બે તબક્કામાં સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે

<u>તબક્કો - ૧ : પ્રાથમિક પરીક્ષા</u>

| | | |
|---|---|---|
| 1 | Reasoning | 40 Marks |
| 2 | Quantitive aptitude | 30 Marks |
| 3 | English | 15 Marks |
| 4 | Gujarati | 15 Marks |
| | Total | 100 Marks |

<u>તબક્કો - ૨ : મુખ્ય પરીક્ષા</u>



Scanned with CamScanner

પ્રથમ તબક્કાની પરીક્ષા બાદ સામાન્ય વહીવટ વિભાગના તા ૧૮-૦૫-૨૦૨૩ના જાહેરનામા મુજબ MCQ- પ્રકારના પ્રશ્નો ધરાવતી પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. મુખ્ય પરીક્ષા અંગેની વિગતો/અભ્યાસક્રમ નીચે મુજબ રહેશે.

**Syllabus for Main Examination 200 Marks Time: 120 Minutes**

| | | |
|---|---|---|
| 1 | English | 20 Marks |
| 2 | Gujarati | 20 Marks |
| 3 | Polity/Public Administration/RTI/CPS/PCA | 30 Marks |
| 4 | History, Geography, Culture Heritage | 30 Marks |
| 5 | Economics, Environment, Science & Tech. | 30 Marks |
| 6 | Current Affairs & Current Affairs with Reasoning | 30 Marks |
| 7 | Reasoning | 40 Marks |
| | Total | 200 Marks |

- મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારોને પસંદ કરવા પ્રથમ તબક્કામાં પ્રાથમિક પરીક્ષા MCQ- પ્રકારના પ્રશ્નો ધરાવતી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે
- પ્રાથમિક પરીક્ષા ૧૦૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૧૦૦ ગુણ ની રહેશે. પરીક્ષાનો સમય ૬૦ મિનિટનો રહેશે.
- મુખ્ય પરીક્ષા ૨૦૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૨૦૦ ગુણ ની રહેશે. પરીક્ષાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે.
- M.C.Q. પદ્ધતિમાં ખોટા જવાબ આપનાર અથવા પ્રશ્નનો જવાબ ન આપેલ હોય તો તેવા સંજોગોમાં ૦.૨૫ માર્ક ઓછા કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્કીંગ પદ્ધતિ અપનાવવામાં આવશે. "જવાબ આપવા માંગતા નથી" નો પાંચમો વિકલ્પ આપવામાં આવશે. જે ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરશે તે સંજોગોમાં નેગેટીવ માર્કીંગ ગણવામાં આવશે નહીં એટલે કે ૦.૨૫ માર્ક્સ કપાશે નહીં.
- દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામા પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મીનીટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે
- પ્રાથમિક કસોટી ફક્ત સ્ક્રીનીંગ ટેસ્ટ માટે છે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહી



Scanned with CamScanner

- પ્રાથમિક પરીક્ષાને અંતે મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવશે અને મેરીટસના આધારે ભરવાની થતી જગ્યાના સાત ગણા ઉમેદવારોને બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.

## લઘુત્તમ લાયકી ધોરણ:-

પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યુનત્તમ ગુણવત્તા ધોરણ ૪૦ ટકા રાખવામાં આવેલ છે. ઉમેદવારે પ્રત્યેક તબક્કાની પરીક્ષામાં લઘુત્તમ લાયકી ગુણવત્તાનુ ધોરણ ૪૦ ટકા માર્કસ નિયત કરવામાં આવેલ છે. તેમાં કોઈપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતા ઓછું ન્યુનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઈપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં

## ❖ અભ્યાસક્રમ - PART - B

**માનવવિદ્યા - અધ્યાપક**

૧. અર્થશાસ્ત્રની વ્યાખ્યા, આધુનિક અર્થશાસ્ત્રીઓએ આપેલ વ્યાખ્યાઓ, માનવજરૂરિયાતના લક્ષણો માનવ જરૂરિયાતનું વર્ગીકરણ, માંગનો અર્થ માગનો નિયમ, પુરવઠાનો અર્થ પુરવઠાનો નિયમ

૨. ફુગાવાની વ્યાખ્યાઓ, ફુગાવાના કારણો, યુધ્ધ ખર્ચ, આર્થિક વિકાસ, કુદરતી આફતો, વસ્તી વધારો, વધેલ ખર્ચ સામે આવક વધારવાનો પ્રયત્ન ફુગાવાની અસરો

૩. સમાજલક્ષી મનોવિજ્ઞાનની વ્યાખ્યા અને સમજુતી, સમાજલક્ષી મનોવિજ્ઞાનુંસ્વરૂપ, સામાજિક અને બોધાત્મક પ્રક્રિયાઓનો વૈજ્ઞાનિક અભ્યાસ, સમાજલક્ષી મનોવિજ્ઞાનનું અભ્યાસક્ષેત્ર જૂથની વ્યાખ્યા અને સમજુતી, જુથનું સ્વરૂપ, જુથના કાર્યો, સત્તા પ્રત્યે આજ્ઞાતિતા, ટોળુ વ્યાખ્યા અને પ્રકારો

૪. ગ્રામિણ સમાજશાસ્ત્રનો અર્થ, વ્યાખ્યા અને ક્ષેત્રો, ગામિણ સમાજશાસ્ત્રનું મહાત્વ, ગ્રામિણ સમાજશાસ્ત્રની ઉત્પત્તિ અને વિકાસ, ગ્રામિણ સમુદાયનો અર્થ, ગ્રામિણ સમુદાયની વિશેષતાઓ, ગ્રામિણ સમુદાયનું મહત્વ, ગ્રામિણ અને શહેરી સમુદાયનો તફાવત ગ્રામિણ સમુદાયમાં આવતા પરિવર્તન અને તેના કારણો

૫. પંચાયતી રાજનો અર્થ, પંચાયતી રાજના હેતુ-ઉદ્દેશ્ય, ૭૩માં બંધારણીય સુધારા પહેલાનું પંચાયતી રાજ,૭૩મો બંધારણીય સુધારો, ૭૩માં બંધારણીય સુધારા બાદ પંચાયતી રાજ ગુજરાતમાં પંચાયતી રાજનું ત્રીસ્તરીય માળખું

5 ગ્રામિણ જ્ઞાતિ વ્યવસ્થા -અર્થ સ્વરૂપ. લક્ષણો-લાભાલાભ, જજમાની વ્યવસ્થા - અર્થ, વ્યાખ્યા, મહત્વ, લાભાલાભ



Scanned with CamScanner

૭ ૧૯મી સદી દરમ્યાન સામાજીક અને ધાર્મિક સુધારણાની ચળવળ બ્રહમો સમાજ, પ્રાર્થના સમાજ, રામકૃષ્ણ મિશન, ભારતના સામાજીક સુધારાઓમાં ગાંધીજીનું પ્રદાન ,આધુનિક શિક્ષણની ભારતીય સમાજ ઉપર અસર

૮ સધુખીણના સમાજની વિશેષતાઓ, નગર રચના,સામાજીક, આર્થિક અને ધાર્મિક પરિસ્થિતિ વૈદિક યુગના સમાજની વિશેષતાઓ સમાજજીવન, આર્થિક અને ધાર્મિક પરિસ્થિતિ, વેદોનો પરિચય, અનુવૈદિક યુગનું સાહિત્ય ઉપનિષદોના પરિચય રામાયણ મહાભારત ભારતના સામાજીક થતરમાં ફાળો

૯. ખેતીની નીચી ઉત્પાદકતાના કારણો, ખેતીની નીચી ઉત્પાદકતા નિવારણના ઉપાયો, અંગ્રેજ સમય દરમ્યાનની જમીન મહેસુલ પધ્ધતિઓ-તેના લાભ અને મર્યાદાઓ. આઝાદી બાદ જમીન સુધારણા તના હેતુઓ જમીન સુધારાનું સ્વરૂપ, ૧૯૭૨નો જમીન ની ટોચ મર્યાદાનો કાયદો જમીન સુધારાની સિધ્ધીઓ અને મયાદિઓ, નીતિ આયોગ -નીતિ આયોગમાં કૃષિ ક્ષેત્ર.

૧૦ સહકારનો અર્થ અને વ્યાખ્યા, સહકારના સિધ્ધાતો (૧૯૯૫) સહકારી મંડળીની રચનાની પધ્ધતિ, સહકારી મડળીમાં સામાન્ય સભા, પ્રકારો, કાર્યો, સહકારી મંડળીમાં પ્રમુખ, મત્રી, વ્યવસ્થાપક સમિતિના કાર્યો ફરજો

૧૧ ગ્રામિણ ભારતમાં સ્વૈચ્છિક સંગઠનો સ્વરૂપ અને પ્રકાર, સ્વૈચ્છિક સંગઠનોના કેટલાક સફળ અનુભવો ચેતના, સેવા, સેવારૂરલ

૧૨. મનોવલણ ની વ્યાખ્યા અને તેનું સ્વરૂપ મનોવલણ રચના, મનોવલણમાં પરિવર્તન પૂર્વગ્રહ ની વ્યાખ્યા, અંતગત તત્વો, પૂર્વગ્રહના પરિણામ, પૂર્વગ્રહ ઘટાડવાના ઉપાયો

૧૩ લોકશાહી. લોકશાહીના પ્રકાર, કારોબારી, ધારાસભા અને ન્યાયતંત્ર,

૧૪ ભારતની સામાજિક સમસ્યાઓ-સ્વરૂપ કારણો અને ઉપાય

૧૫. નીતિ આયોગ

## બાગાયત - અધ્યાપક

૧. બાગાયતનો અર્થ , મહત્વ, શાખાઓ

૨. વનસ્પતિ સંવર્ધનનો અર્થ, પ્રકારો, લાભાલભ અને બીજેત્તર સંવર્ધનની રીતો / કલમો

૩. નર્સરીનું મહત્વ અને તેનું વ્યવસ્થાપન

૪. બાગાયતી ખેતીનું આધુનિક પ્રવાહો - હોર્મોન્સ, ગ્રીન હાઉસ, નેટ હાઉસ , પેશી સંવર્ધન, મળચિંગ, નેનો ટેકનોલોજિ, જનીની ઈજનેરી / બાયો ટેકનોલોજિ

૫. ફળપકોની ખેતીનું મહત્વ અને વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ

૬. શાકભાજીના પાકોની ખેતીનું મહત્વ વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ

૭. ફૂલછોડ પાકોની ખેતીનું મહત્વ વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અને વર્ગીકરણ



Scanned with CamScanner

૮. અગત્યના ઔષધિય અને સુગંધિત પાકોની ઉપયોગિતા (સંક્ષિપ્ત પરિચય)
૯. કંદમૂળના પાકોની ખેતી અને તેનું મહત્વ
૧૦. માનવ જીવનમાં ઉદ્યાનનું મહત્વ, પ્રકારો , આભૂષણો
૧૧. લોન અને વેલીઓનું મહત્વ, પ્રકારો, વધારવાની રીતો
૧૨. વનોનું મહત્વ, લાભાલાભ, કૃષિ વન, અગત્યના વનીય વૃક્ષોની ખેતી પધ્ધતિ
૧૩. બાગાયતી પાકોનું મૂલ્ય વર્ધન અને તેની રીતો તથા મૂલ્ય વર્ધિત બનાવટો
૧૪. બાગાયતી ખેતીના પ્રશ્નો અને તેના ઉકેલો
૧૫. બાગાયતી વિકાસ માટેની સરકારની યોજનાઓ
૧૬. બાગાયતી પાકોમાં પિયત વ્યવસ્થાપન અને પિયત પધ્ધતિઓ
૧૭. બાગાયતી પાકોમાં વિશેષ માવજતો જેવી કે - છાંટની, કેળવણી , જાળવણી વગેરે અને નર્સરી મહત્વનુ ક્રિયાઓ
૨૦. બાગાયત આધારિત ઉદ્યોગો
૨૧. ફળ પરિરક્ષણ તથા ફળ બગાડવાના કારણો અને ઉપાયો

## ❖ <u>રાષ્ટ્રીયતા:-</u>

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ. અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ- ૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.

## ❖ કોમ્પ્યુટરની જાણકારી

ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નિયત કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે, અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા / ડીગ્રી કે સર્ટિફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. તેમજ આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણુંક મેળવતાં પહેલા અચુક



Scanned with CamScanner

રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણુંક મેળવવાને પાત્ર થશે નહીં. તેમજ નિમણુંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી "રદ" કરશે.

## ❖ શૈક્ષણિક લાયકાત/ વયમર્યાદા માટે નિર્ધારિત તારીખ

જાહેરાતમાં દર્શાવેલ તમામ સંવર્ગના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, અનુભવ, નોન- ક્રીમીલેયર સર્ટી અને અન્ય જરૂરી લાયકાત માટે તા. ૧૯-૦૯-૨૦૨૪ ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે

## ❖ પગાર ધોરણ:-

નાણાં વિભાગના તા ૧૬-૨-૨૦૦૬તથા તા. ૨૯/૪/૨૦૧૦ અને તા.૬/૧૦/૨૦૧૧, તા.૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-ઝ-૧ તેમજ તા. ૨૦/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: - ખરચ -૨૦૦૨-૫૭-(પાર્ટ-૨)-ઝ.૧ તથા છેલ્લે નાણા વિભાગના તા ૧૮/૧૦/૨૦23 ના ઠરાવ ક્રમાંક - ખરચ -૨૦૦૨-૫૭-(પાર્ટ-૪)-૪ ૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે નીચે મુજબના નિયત ફિકસ પગારથી નિમણુંક અપાશે. તેમજ ઉકત કરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. તદ્દુપરાંત સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૩-૧૦- ૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક- સીઆરઆર-૧૧-૨૦૧૫-૩૧૨૯૧૧-ગ ૫ અને નાણા વિભાગના તા. ૨૮-03-૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-3)/ઝ-૧ તા.૧૮/૦૧/૨૦૧૭ તથા તા. ૧૮/૧૦/૨૦23 માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકાશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણુંક મેળવવાને પાત્ર થશે. તેમ છતાં, આ બાબતે નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ SLP No. 14124/2012 અને SLP No 14125/2012 ના આખરી ચુકાદાને આધીન રહેશે

| ક્રમ | જગ્યાનું નામ | પગાર ધોરણ |
|---|---|---|
| ૧ | અધ્યાપક - માનવ વિદ્યા | પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર (૩૮૦૯૦) |
| ૨ | અધ્યાપક - બાગાયત | પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર (૩૮૦૯૦) |
| 3 | હિસાબનીશ | પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર (૩૧૩૪૦) |
| ૪ | શ્રમ સંયોજક | પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર (૩૧૩૪૦) |



Scanned with CamScanner

| | | |
|---|---|---|
| ૫ | ગ્રંથપાલ | પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર (૩૧૩૪૦) |
| ૬ | જુનિયર ક્લાર્ક | પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર (૧૯૯૫૦) |
| ૭ | સ્ટોકમેન | પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર (૧૯૯૫૦) |

## ❖ પસંદગી / પ્રતિક્ષા યાદી તૈયાર કરવાની પધ્ધતિ:-

ઉમેદવારોએ ઉકત સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના મેરીટસ આધારે કેટેગરીવાઇઝ ભરવાની થતી જગ્યાની વિગતો ધ્યાને લઇ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭/૦૭/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ-૨ ની જોગવાઈઓ ધ્યાને લઇ પસંદગી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

## ❖ સામાન્ય શરતો:-

જાહેરાતમાં જે કેટેગરીના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત છે તેવી કેટેગરીના ઉમેદવારને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષથી વધે નહીં તે રીતે જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે.

અનામત વર્ગના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છુટછાટ મળશે નહિ.

બિનઅનામત તથા અનામત વર્ગોના મહિલા ઉમેદવારોને પણ બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.

અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઈશે.
સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: સસપ/૧૧૦૯/૧૬૬૩/અ થી નિયત થયેલ પરિશિષ્ટ-૪ (ગુજરાતી) ના નમુનામાં તેમજ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૨/૦૬/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ ની જોગવાઈ અનુસાર તા. ૦૧-૦૪-૨૦૨૨ થી અરજી કરવાની છેલ્લી તા. ૧૯-૦૯-૨૦૨૪ દરમ્યાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો



Scanned with CamScanner

નંબર અને તારીખ અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રાજ્ય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ પરિશિષ્ટ-૪ ના નિયત નમુનામાં (ગુજરાતી) નોન ક્રિમિલીયર સર્ટી અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનુ રહેશે.

આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારોએ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક-ઈ.ડબલ્યુ.એસ. / ૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઈ મુજબ થી નિયત થયેલ નમુના Annexure - KH (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ- ગ (ગુજરાતી) નમૂનામાં તા.૦૨/૧૨/૨૦૨૩ સુધીમાં મેળવેલ હોવું જોઇશે અને સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:- ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૧૩-૯-૨૦૧૯ ની જોગવાઈ મુજબ તા. ૨૦-૦૯-૨૦૨૧ થી તા. ૧૯-૦૯-૨૦૨૪ દરમ્યાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે. સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ પરિશિષ્ટ- ૪ ના નિયત નમુનામાં (ગુજરાતી) નોન ક્રિમિલીયર સર્ટી અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે. આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારોએ રાજ્ય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ Annexure-KH (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ-ગ ના નિયત નમુનામાં (ગુજરાતી) આર્થિક રીતે નબળા વર્ગનું પાત્રતા પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનુ રહેશે.

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવુ નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેની અરજી રદ કરવામાં આવશે.

જો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે આવું પ્રમાણપત્ર મંડળ દ્વારા અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ નહિ હોય તો તેમજ તેઓ બિન અનામત ઉમેદવાર તરીકેની વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહિ.

ઉમેદવારે અરજીમાં જાતિ (કેટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. તેથી, જો કોઈ ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ અરજી કરવાના નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યૂ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરશે નહીં તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહીં.



Scanned with CamScanner

સંસ્થા તરફથી આપવામાં આવતી જરૂરી સૂચનાઓ જોવા માટે સંસ્થાની વેબસાઇટ અવર-નવર જોતાં રહેવું.

## ❖ સામાન્ય સુચનાઓ:-

૧. ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રકિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે - તે તબકકે "રદ" ગણવામાં આવશે.

૨. ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો જોડે તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત-સંવર્ગની સમગ્ર ભરતી પ્રકિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે.)

૩. ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવ છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં સંસ્થા તરફથી આ પરિક્ષાને સબંધિત પરીક્ષાલક્ષી કેટલીક સુચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઈલ પર SMS થી મોકલવામાં આવશે તેથી અરજીપત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ભરતી પ્રકિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે.

૪. સંસ્થા જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, ટ્રસ્ટનાં અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯)



Scanned with CamScanner

પરીણાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણુંક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિદિષ્ટ કરેલ તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત-(ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક કરાવી શકશે, અથવા (ખ)(૧) મંડળ. સીધી પસંદગી માટે લેવાતી કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (૨) રાજ્ય સરકાર પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે. (૧૩) ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી / અર્થ સરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

૫. ગુજરાત સરકાર દ્વારા જાહેર પરીક્ષામાં થતી ગેરરીતિ તથા પ્રશ્નપત્રો લીક થવા બાબતનો Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023 અધિનિયમ માર્ચ,૨૦૨૩ થી અમલી કરેલ છે. આથી, સંસ્થા દ્વારા આયોજિત તમામ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાઓને જાહેર પરીક્ષાઓ તરીકે ગણવાની થતી હોવાથી સદર અધિનિયમ મંડળની પરીક્ષાઓમાં પણ લાગૂ પડે છે. આથી, ઉક્ત તમામ જાહેરાતોની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં જો કોઈ પણ ઉમેદવાર Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023 ની જોગવાઈઓનો ભંગ કરતો જણાઈ આવશે અને તેમાં કસૂરવાર સાબિત થશે તો તેની સામે સદર અધિનિયમમાં દર્શાવ્યા મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૬. ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાંસણી સમયે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વિગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી સંસ્થા દ્વારા "રદ" કરી શકાશે. તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી / નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણૂંક, મંડળ/ નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબકકે "રદ" કરવામાં આવશે.

૭. સંસ્થા ધ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હક્ક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે.



Scanned with CamScanner

૮. પસંદગી પામેલ ઉમેદવારે નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

૯. ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં, નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

૧૦. ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી નિયમોને આધિન રહેશે.

**આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંસ્થાને સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને સંસ્થા આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.**



Scanned with CamScanner